# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "પોષણ વાટીકા મહાઅભિયાન અને વૃક્ષારોપણ" નો કાર્યક્રમ યોજાયો

ભારત સરકારશ્રી તથા આઈ.સી.એ.આર. દ્વારા ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ "પોષણ વાટીકા મહાઅભિયાન અને વૃક્ષારોપણ" નો કાર્યક્રમ કરવાના નિર્દેશ અન્વયે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, દેવાતજ દ્વારા સદર કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી કેતનભાઇ પટેલ, પ્રમુખ, આણંદ જીલ્લા કિસાન મોરચા, આણંદ તથા અતિથી વિશેષમાં શ્રી દત્તેશભાઇ અમીન, મહામંત્રી, આણંદ જીલ્લા કિસાન મોરચા, આણંદ, શ્રી લાભેશભાઇ, શાસ્ત્રી, સરપંચશ્રી, દેવાતજ, શ્રી સુમીતભાઇ, ફોરેસ્ટ ઓફીસરશ્રી, સોજીત્રા, શ્રી ચીરાગભાઇ ગઢીયા, ફીલ્ડ રીપ્રેસન્ટેટીવ, ઇફ્કો, આણંદ, શ્રી મીનાક્ષીબેન આર. પ્રજાપતિ, મદદનીશ પ્રાધ્યાપક, ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીક્સ પોલીટેકનીક કોલેજ, આ.કૃ.યુ., આણંદ, શ્રીમતી ગીતાબેન જાદવ, સી.ડી.પી.ઓ., સોજીત્રા તથા શ્રીમતી નીતાબેન રાજ, સી.ડી.પી.ઓ., પેટલાદ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. એ.સી.વૈદ્ય દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ હતું. જેમાં તેઓએ હલકા ધાન્ય પાકો, તેની અગત્યતા તેમજ તેનો ખોરાકમાં ઉપયોગ બાબતે ચર્ચા કરી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. માન. શ્રી નરેંદ્રસિંહ તોમર, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રીનો ઓનલાઇન કાર્યક્રમ નીહાળવામાં આવ્યો હતો. ત્યારપછી કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વેને ઇફ્કો કંપની દ્વારા કીચન ગાર્ડન માટે જુદા જુદા દસ પ્રકારના શાકભાજીના બીયારણની કીટ, લીંબુ, સીતાફળ, જામફળ, તથા જાંબુના રોપા વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા.

તાંત્રિક બેઠક બાદ શ્રીમતી મીનાક્ષીબેન દ્વારા સમતોલ આહારમાં અનાજ અને ધાન્યનું મહત્વ બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં આણંદ જીલ્લાના અલગ અલગ ગામના ૪૦ ખેડુતો, ૩૦ મહિલા ખેડૂતો, ૨૦ આંગણવાડી કાર્યકર્તા બહેનો તેમજ ૩૫ વિદ્યાર્થીનીઓ એ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યારબાદ કેવિકે ખાતે તથા ખેડૂતના ખેતરે કુલ ૧૦૫ છોડ રોપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ નિમિતે કેન્દ્રના પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) શ્રીમતી અંજલી એન. જાદવ દ્વારા ખેડૂત બહેનો માટે હલકા ધાન્ય પાકમાંથી પૌષ્ટિક વાનગી હરીફાઇ યોજવામાં આવેલ હતી. જેમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય એમ ત્રણ વિજેતા જાહેર કરી તેઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ ડૉ. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ












